# અરવલ્લીમાં ચૂંટણી માટે વોર્ડ સીમાંકનના મુદ્દે ૨૩ વાંધા

બાયડ, તા. ૧૦

ઓક્ટોબર૨૦૧૫ આસપાસ યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે નવા વોર્ડ સીમાંકન અંગેનું આખરી જાહેરનામુ જુલાઈ માસના અંતિમ સપ્તાહમાં -સિદ્ધ થશે. અરવલ્લીની સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે પાલિકા વિસ્તાર માટે ૪ અને તાલુકાજિલ્લા પંચાયત માટે ૧૯ વાંધાસૂચન મળ્યા પછી સમગ્ર અહેવાલ રાજય ચૂંટણીપંચને મોકલી આપ્યાનું સૂત્રોએ જણાવ્યું છે.

અરવલ્લીની મોડાસા નગરપાલિકા તેમજ ૮ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની તમામ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી માટે વહીવટી તંત્રએ ૫૦ ટકા મહિલા અનામતના સમાવેશ સાથે વોર્ડ સીમાંકન રચના હાથ ધરી છે. ૪ મહિનાની મેરેથોન કામગીરી પછી તંત્રએ રાજય ચૂંટણીપંચને દરખાસ્ત મોકલી આપી હતી જેમાં કેટલીક ક્વેરી આવ્યા પછી તેનો નિકાલ કર્યો હતો અને જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું જેમાં મળેલી વાંધાદરખાસ્તોની સ્કૂટીની કરી રાજય ચૂંટણીપંચને આખરી અહેવાલ મોકલી અપાતાં વર્તમાન માસના અંતમાં વોર્ડ સીમાંકનનું આખરી જાહેરનામુ -સિદ્ધ થશે તેમ જાણવા મળ્યું છે. નવા વોર્ડ સીમાંકનના કારણે ૫૦ ટકા મહિલા અનામત અમલી બનતાં તાલુકાજિલ્લા પંચાયતના -મુખ બનવાના અભરખા સેવતા અનેક આગેવાનોની મનની મનમાં રહી ગઈ છે.





(તસવીર : સમીર બલોચ, મોડાસા)

## મોડાસામાં કપડાના શો રૂમમાં અગમ્ય કારણોસર આગ ભભૂકી

અરવલ્લી જીલ્લા ના મોડાસા બસ સ્ટેશન વિસ્તારમાં આવેલા રેડીમેડ કપડા ના શો રૂમ માં મોદી રાતે અગમ્યો કારનો સર આગ ભભૂકી ઉઠતા શો રૂમ માનો લાખો રૂપિયા નો તેયાર કપડા બળીને ખાખ થઈ ગયા હતા .અરવલ્લી જીલ્લા ના મોડાસા બસ સ્ટેશન વિસ્તાર માની રેડીમેડ કપડા નું દુકાનમાં મધરાતે અચાનક જ આગ લાગી હતી આગ ના બનાવ ની જાણ થતા આસપાસ ના વિસ્તારોમાં રહેતા લોકો અને દુકાન માલિક દોડી આવ્યા બાદ ફાયરબ્રિગેડ ને જાન કરતા ફાયરબ્રિગેડ સ્થળ પર આવી પાણી નો મારો ચલાવતા માંડ માંડ આગ પર કાબુ મેળવ્યો હતો આ આગ માં લાખો રૂપિયાનો રેડીમેડ કપડા બળી ને ખાક થઈ ગયા.



## મેઢાસણ સીટ પર ભાજપનો જનસંપર્ક અભિયાન શરૂ

અરવલ્લી જીલ્લામાં આવી રહેલી સ્વરાજયની ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવવા કમરકસી છે. અવવલ્લી જીલ્લા પંચાયતમાં સમાવિષ્ટ મેઢાસણ સીટ પર વાડીભાઈ પટેલ (પૂર્વ ધારાસભ્ય) અધ્યક્ષ સ્થાને જનસંપર્ક અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં મોડાસાના પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, મંત્રી ભીખાજી ડામોર, અરવલ્લી જીલ્લા મહામંત્રી ધીરેન પ્રજાપતિ, જીલ્લા પંચાયત સદસ્ય શિવસિંહ ભેમાવત, મોડાસા તાલુકા પ્રમુખ ભાવનાબેન વણકર, તાલુકા અધ્યક્ષ મહેન્દ્રસિંહ રાજપૂત અને ભાજપાના અગ્રણી હસમુખભાઈ પટેલ સહિત ભારતીય જનતા પાર્ટીના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. (તસ્વીર : જય અમીન, મોડાસા)

## ભિલોડા ગામે ગ્રામસભા યોજાઈ

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા ગ્રામ પંચાયત કચેરીમાં ગ્રામસભાનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના મીટીંગ હોલમાં ગ્રામસભા દરમ્યાન માં અમૃતમ યોજના, બેંકેબલ યોજના સહિત વિવિધ યોજનાઓ અંતર્ગત ચર્ચાઓ અને રજુઆતો કરાઈ હતી. બી. પી. એલ. લાભાર્થીઓની નવિન યાદીમાં સુધારો કરવો અને કોઈ પણ લાભાર્થી યોજના વગર બાકી ના રહી જાય તેના માટે વિશેષ ચર્ચાઓ અને રજુઆતો કરાઈ હતી. ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી છે.

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા મહિલા કલેક્ટર છાકછુવાક, પ્રાંત અધિકારી આનંદ આચાર્ય, ભિલોડા મામલતદાર એ. કે. જોષી, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, અનિલભાઈ રાવલ, ગુણવંતભાઈ ત્રિવેદી, અરવિંદભાઈ બારોટ, ભીખાલાલ પટેલ, બી.ટી.નાયી, મુકેશભાઈ મહેતા, અમરતલાલ પરમાર, મુકેશભાઈ પટેલ, શંકરલાલ પટેલ, ભુપેશભાઈ રાઠોડ, પ્રવિણભાઈ પંચાલ, પથુભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, ગ્રામજનો, અગ્રણીઓ, ભિલોડા ગ્રામ પંચાયત કચેરીના સભ્યો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



## અરવલ્લી કોંગ્રેસના આઈ.ટી. સેલના પ્રમુખપદે જયદીપ ચૌધરીની વરણી

નવરચીત અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા શહેર ખાતે અરવલ્લી જીલ્લા આઈ.ટી. સેલના મહેન્દ્રસિંહ વાઘેલા, અશ્વિન તાપરીયા, દુષ્યંતભાઈ ચૌધરી, આનંદ પરમાર તેમજ અરવલ્લી યુવા કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાત આઈ.ટી. સેલ કોંગ્રેસ પ્રદેશના હોદ્દેદારોએ અરવલ્લી જીલ્લા આઈ.ટી. સેલના પ્રમુખ તરીકે જયદીપ ચૌધરીની વરણી કરવામાં આવતા ઉપસ્થિત યુવા કોંગ્રેસસ્ના કાર્યકરોએ આઈ.ટી. પ્રમુખ જયદીપ ચૌધરીને અભિનંદન આપી ઉજવણી કરાઈ હતી. (તસ્વીર : જય અમીન, મોડાસા)

## ધનસુરાની શિશુ વિહારમાં સુલેખન સ્પર્ધા યોજાઈ

ધનસુરા, તા. ૧૦

ધનસુરા સ્થિર આકાર શિશુ વિહારમાં બાળકોમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવા સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં શાળાના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને સુંદર લખાણ રજૂ કર્યા હતા. સ્પર્ધામાં શાળા પરિવાર અને ટ્રસ્ટી મંડળના સભ્યોએ બાળકોને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા.

# ધનસુરા કેળવણી મંડળના નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારંભ યાજાયો

ધનસુરા, તા. ૧૦

ધનસુરામાં સ્થિત શ્રીમતી કાન્તાબેન ડૉ. હીરુભાઈ શાહ ફેમિલી ટ્રસ્ટના માધ્યમથી ધનસુરા કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં સેવા આપી નિવૃત્ત થયેલા તમામ હયાત બાવન કર્મચારીઓનો વિશિષ્ટ સન્માનનો કાર્યક્રમ કેળવણી મંડળના પ્રમુખ જયંતીલાલ વી. શાહની અધ્યક્ષતામાં યોજાયો હતો. સંકુલમાં 'રેવીશા' સાંસ્કૃતિક હોલમાં જેઠાભાઈ મનજીભાઈ પટેલ ઉદ્‌ઘાટક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના પૂર્વ શિક્ષણ અને આરોગ્યમંત્રી ડૉ. કરશનદાસ સોનેરી સમારંભના અતિથિ વિશેષ તરીકે જાણીતા પત્રકાર અને સાહિત્યાકર પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલ અને આકાર શિશુ વિહારના મુખ્યદાતા રમણલાલ આર. શાહ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રેરક અને દાતા પરિવાર તરફથી ડૉ. વિનોદભાઈ શાહ, મહેશભાઈ. એચ. શાહ અને ડૉ. રેણુકાબેન વી. શાહ ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભની શરુઆતમાં ધનસુરા કેળવણી મંડળના મંત્રી વિઠ્ઠલભાઈ એમ. પટેલે શબ્દો વડે સૌને આવકાર્યા હતા અને કેળવણી મંડળની વિકાસ કૂચની ઝાંખી કરાવી હતી. ત્યારબાદ નિવૃત્ત કર્મચારીનું ફુલછડી શાલ અને દાતાશ્રી ડૉકટર પરિવાર તરફથી દરેકને રજતમુદ્રાની સ્મૃતિ ભેટ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

નિવૃત્તમાન કર્મચારીઓમાંથી એ.કે. પટેલ, એમ.બી. દરજી, વી.કે. પટેલ અને જે.એ. શાહ તથા શકુન્તલાબેન ભાવસારે પોતાની ભાવ-વિભોર શૈલીમાં સન્માનનો પ્રત્યુત્તર આપી પોદતાના સુમધુર સંસ્મરણો તાજાં કર્યા હતા. પ્રાસંગિક ઉદબોધન ધનસુરા કેળવણી મંડળના મંત્રી જયંતિલાલ સી. શાહ, ડૉ. વિનોદભાઈ શાહ, મહેશભાઈ શાહ, આર.આર. શાહ અને દેવેન્દ્રભાઈ પટેલ અને ડૉ. કરશનદાસ સોનેરી એ પ્રસંગને અનુરુપ પોતાના મનનીય વિચારો રજૂ કર્યા હતા. કેળવણીના પ્રમુખ એ દાતાઓને બિરદાવી આગામી યોજનાની જાણકારી આપી હતી. સહમંત્રી પિયુષ શાહે સૌનો આભાર માન્યો હતો.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્મામાં ભગવાન જગન્નાથજીનું મોસાળમાં આગમન

ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ટ્રસ્ટ તથા રાધાકૃષ્ણ મંદિર ઉત્સવ સમિતિ દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું તા. ૧૮ જુલાઈના રોજ આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ભગવાન જગન્નાથજી ગુરુવારે વાજતે ગાજતે મોસાળમાં પધાર્યા હતા. ભગવાન જગન્નાથજીના મોસાળ મોદી હસમુખલાલ તુલસીદાસના નિવાસસ્થાને ચાર દિવસ રોકાશે અને સોમવારે નિજ મંદિરમાં પરત પધારશે ચાર દિવસ મોસાળમાં ભગવાનની પૂજા અર્ચના કરવામાં આવશે તથા દરરોજ રાત્રે ગોપી મંડળના ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે.

# ગાજણ ટોલનાકા પર રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લાના શામળાજી હાઈવે પર આવેલ ગાજણ ટોલનાકા માં રક્તદાન કેમ્પ નું આયોજન ગોધરાની નાગરિક રક્તદા સમિતિ અને એલ.એન્ડ,ટી ટોલ પ્લાઝા ના કર્મચારીઓ ધ્વારા કરવામાં આવ્યું હતું.

હાલોલશામળાજી હાઈવે નંબર - પાંચ પર ચાર ટોલ પ્લાઝા આવેલા છે. આ ટોલ પ્લાઝા પૈકી અરવલ્લી ના ગાજણ ટોલનાકા પર નાગરિક રક્તદાન સમિતિ ગોધરા અને એલ.એન્ડ,ટી ટોલ પ્લાઝા ના કર્મચારીઓ એ યોજેલા રક્તદાન કેમ્પમાં ૩૫ થી વધુ બોટલો રક્ત એકત્ર કરવાનો ધ્યેય રાખવાનો આવ્યો છે.જે કોય રક્તદાતા બને તેને એક કાર્ડ આપવામાં આવે છે. અને આ કાર્ડ પર રકતદાતાને જયારે જરૂર પડે ત્યારે મફ્ત રક્ત મેળવી શકે છે.

આ રક્તદાન ની કેમ્પ હાઈવે ઉપર થતા અકસ્માતોમાં ઘાયલ થયેલા લોકોને જયારે પણ રક્તની જરૂર પડે ત્યારે સરળતાથી મળી રહેતેવા શુભાશય થી રાખવામાં આવ્યો હતો. આ કેમ્પમાં રક્તદાતા ઓનું સન્માન પણ ગીફટ તથા મોમેન્ટો આપી કરવામાં આવ્યું હતું.

ટોલ પ્લાઝા પર યોજાયેલા રક્તદાન કેમ્પ માં નાગરિક રક્તદાન કેન્દ્રગોધરા ના અગ્રણીઓ એલ.એન્ડ,ટી ગ્રુપના -જ્ઞેશભાઈ શર્મા ,નિમેશભાઈ તિવારી અને મનોજભાઈ જેવા ની વિશેષ -રણાદાયી બની રહી છે. આ -કારના રક્તદાન કેમ્પ માં જોડાઈને લોકો રક્તદાન કરવા -રાય તે જરૂરી છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

**રક્તદાન મહાદાન**



અવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ગામે શણગાલ પ્રાથમિક જૂથ કેન્દ્રશાળામાં ઈસરી પોલીસ સ્ટેશનના એ.ડી.આઈ.પી.સી. કિશનકુમાર તથા સી.પી.ઓ. મગનભાઈ ભગોરા તથા એ.સી.પી.ઓ. હિનાબેન ડામેરના સાંનિધ્યમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટનો કાર્યક્રમ યોજાયો. (તસ્વીર : મુકેશ ડામોર, ઈશરી)

## ઊંઝા ખાતે ખેતરમાંથી આર.આર. સેલે ૩૧ હજારનો દારૂ ઝડપી પાડયો

ઊંઝા, તા.૧૦

ઊંઝા ખાતે સદગુરુ બંગ્લોઝ પાછળ આવેલ ખેતરની ઓરડીના પાછળના ભાગે ગાંધીનગર આર.આર. સેલે દરોડો પાડી રૂપિયા ૩૧૫૦૦ની કિંમતની મત્તાની દારૂની ૧૫૮ બાટલી અને બિયરના ૯ ટીમ કબજે કરી બે ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ઊંઝા ખાતે સદગુરૂ બંગ્લોઝની પાછળ ખેતરમાં ઓરડી આવેલ છે. આ ઓરડીની પાછળના ભાગે કેટલાક શખ્સો દારૂનો ગેરકાયદેસર ધંધો કરતા હોવાની ગાંધીનગર આર.આર.સેલને બાતમી મળી હતી.જેથી આર.આર. સેલના અધિકારીએ સ્ટાફ સાથે આ સ્થળે સાંજના સમયે અચાનક દરોડો પાડયો હતો. આ સમયે પોલીસને જોઈને બે શખ્સો ફરાર થઈ ગયા હતા. બાદ પોલીસે સ્થળ પરથી ૧૫૮ નંગ દારૂની બાટલીઓ તેમજ બિયરના નવ ટીન મળી કુલ ૩૧૫૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ અંગે ગાંધીનગર આર.આર. સેલના અધિકારીની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે પવન ઈન્દ્રમલ મારવાડી અને રામભા ભૂપતસિંહ દરબાર બંને રહે. ઊંઝા વિરૂદ્ધ પ્રોહિ. એકટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ઊંઝાના ઉમિયા માતાજી વિશ્રાંત ગૃહમાંથી રૂપિયા ૭૯ હજારની મત્તાની ચોરી

ઊઝા તા. ૧૦

ઊંઝા ખાતે ઉમિયા માતાજીના વિશ્રાંતગૃહના એક રૂમમાં સુતેલા ખાનગી કંપનીના કર્મચારીના બે મોબાઈલ ફોન, એલ.ઈ.ડી.નો સામાન અને રોકડ રકમ મળી કુલ ૭૯, ૦૦૦ની મત્તાની ચોરી થયાની ફરિયાદ નોંધાયેલ છે. આ ચોરીમાં આરોપી તરીકે કર્મચારીની સાથે રોકાયેલ એક શખ્સનું નામ દર્શાવવામાં આવ્યું છે.

વિગત એવી છે કે, અમદાવાદ શહેરમાં રહેતા દેવાંગભાઈ દિલીપભાઈ સંઘવી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેઓ રેલવે સ્ટેશનમાં એલ.ઈ.ડી. લગાવવાના કામ માટે મજૂરોને સાથે લઈને ઊંઝા આવ્યા હતા અને રાત્રે ઉમિયા માતાજીના વિશ્રાંતગૃહના એક રુમમાં સુઇ રહ્યા હતા ત્યારે તેઓની સાથે મજુરો પૈકીનો એક શખ્સ દેવાંગભાઈના સામાનમાંથી બે મોબાઈલ ફોન, એલ.ઈ.ડી.નો સામાન તેમજ રોકડા ૧૮, ૦૦૦ રૂપિયા મળી કુલ ૭૯, ૦૦૦ની કિંમતની મત્તાના મુદ્દામાલની ચોરી કરી કયાંક પલાયન થઈ ગયો હતો.

આ અંગે ઊંઝા પોલીસે વિકાસ ભારદ્વાજ મૂળ રહે. ઉત્તરપ્રદેશ હાલ રહે. નારોલ અમદાવાદ વિરુદ્ધ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી


એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦